સ. મ. પ્રે. ગાં. (એચ)-૧૩૬૮-૨૦૦૦-૩-૯૫

**ખાનગી પ્રેસમાં છાપકામ કરાવવા અંગે**

# ગુજરાત સરકાર

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : મદન-૧૦૮૬-૬૫૩૪-ડ-૨

૫, સરદાર ભવન, ચોથો માળ, સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૩.

વંચાણે લીધો : ૧. સરકારી ઠરાવ ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ ક્રમાંક : મદન-૧૦૮૬-૬૫૩૪-ડ, તારીખ : ૨૫-૫-૮૭.

૨. સરકારી ઠરાવ ઉદ્યોગ અને ખાણ વિભાગ ક્રમાંક : મદન-૧૦૮૬-૬૫૩૪-ડ.૨, તારીખ : ૧૫-૧-૧૯૯૩.

## ઠરાવ

આમુખમાં વંચાણે લીધેલ તા. ૨૫-૫-૮૭ના ઠરાવથી ગોપનીય ન હોય તેવી મુદ્રણની કામગીરી કોઈપણ ખાનગી પ્રેસમાં સચિવાલયના વિભાગો, ખાતાના વડા કે કચેરીના વડા કરાવી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. જેની મુદત છેલ્લે તા. ૧૫-૧-૯૩ના ઠરાવથી તા. ૩૧-૧-૯૩ સુધી લંબાવવામાં આવી હતી. સદરહુ ઠરાવમાં વધુમાં એમ જણાવેલ હતું કે, પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવોથી ખાનગી પ્રેસમાં છાપકામ કરાવવા માટે તેમજ બીલની ચૂકવણી માટે નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીનું પ્રમાણપત્ર તેમજ પ્રતિ સહીની ( Counter Signature ) જરૂરીયાત રહેશે નહીં. અને બીલની રકમ પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવો મુજબની છે કે કેમ તેની ચકાસણી જે તે કચેરી કે ખાતાના વડાએ કરવાની રહેશે.

૨. ખાનગી પ્રેસમાં મુદ્રણ કામગીરી બાબતની ઉપરોકત સૂચનાઓમાં તથા દરોમાં ફેરફાર કરી નવી સૂચનાઓ અને દરો બહાર પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબને કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ, તાત્કાલિક અસરથી નીચે મુજબની નવી સ...ચનાઓ બહાર પાડવામાં આવે છે.

૩. સચિવાલયના વિભાગો/ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ આ ઠરાવ સાથે જોડેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવોની મર્યાદામાં, નીચેની શરતોને આધીન રહીને ખાનગી પ્રેસમાં મુદ્રણ કામ કરાવી શકશે.

(૧) ખાતાના વડા તથા સચિવાલયના વિભાગો તેઓના તાત્કાલિક અને સમય મર્યાદાના નાના કામો જેવા કે, આમંત્રણ પત્રિકાઓ અને તેના માટેના કવરો, જેવા મુદ્રણ કામો ખાનગી પ્રેસો દ્વારા છપાવવા માટે સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ખાતાનું 'ના વાંધા પ્રમાણપત્ર' લીધા વગર નાણાં વિભાગનાં તા. ૨૭-૪-૯૨ના ઠરાવની સત્તા મર્યાદામાં રહીને છપાવી શકશે.

(૨) જે કચેરીને ઉપર-૧ આગળ દર્શાવ્યા સિવાયના મુદ્રણના કામો કરાવવાની જરૂર હોય તેઓએ સક્ષમ અધિકારીની મંજુરી મેળવી, સમય મર્યાદાનું કામ હોય તો તેની સ્પષ્ટતા કરીને તે કામ નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીને મોકલવાનું રહેશે.

(૩) જો કામ તાકીદનું હોય અને જો તેમાં સમય મર્યાદા નક્કી કરવાની હોય તો જરૂરી સમય-મર્યાદા જે તે વહીવટી વિભાગના સચિવશ્રી નક્કી કરી શકશે. તેનાથી નિમ્ન કક્ષાના અધિકારીને તે અંગેની સત્તા રહેશે નહીં.

(૪) જો ક્રમાંક : ૩ માં નક્કી થયા મુજબની સમય મર્યાદામાં કામ થઈ શકે તેમ નહીં હોય તો નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી તે અંગેની જાણ ૪૮ કલાકમાં કરવા સાથે ક્રમાંક : ૨ માં દર્શાવેલ કામ જે તે કચેરીને પરત કરશે. તે પછી તે કચેરી સદરહુ કામ આ નિયમોની જોગવાઈ મુજબ ખાનગી પ્રેસમાં કરાવી શકશે.

(૫) આવા સમય મર્યાદાના કામો ખાનગી પ્રેસોમાં જ્યારે મુદ્રણ કરાવવામાં આવે ત્યારે જે તે વિભાગે જણાવેલ સમય મર્યાદામાં જ થાય, તે જે તે કચેરીના વડા, ખાતાના વડા તથા વિભાગોએ જોવાનું રહેશે.

(૬) ખાનગી મુદ્રણના કામોનું બીલ રૂપિયા બે લાખ કરતાં વધારે થાય તેવું હોય ત્યારે નાણા વિભાગના એસ.એસ.પી.-૧૦૯૨-૨૧૨-ઝેડ, તા. ૨૭-૪-૯૨ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂર્વ મંજુરી જે તે વિભાગે/ખાતાએ લેવાની રહેશે.

(૭) મુદ્રણ કામના ખાનગી પ્રેસના બીલ ટ્રેઝરી/પગાર અને હિસાબી અધિકારીની કચેરીમાં બીલ મંજુર કરાવતી વખતે નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીનો પત્ર અને /ઉદ્યોગ અને ખાણ વિભાગની મંજુરીની નકલ જે લાગુ પડતું હોય તે બીડવાની રહેશે.

(૮) ખાનગી પ્રેસમાં મુદ્રણ કામ કરાવતી વખતે જરૂરી જણાય તો કરાર, સીકયોરીટી ડીપોઝીટ, બેંક ગેરંટી, વીમો (માલ-સામાન સરકારે આપેલ હોય તો) લેવો. આ બાબતે જે તે કચેરીના વડા, ખાતાના વડા કે વિભાગોએ પોતાની વિવેકબુધ્ધિથી નિર્ણય લેવાનો રહેશે.

(૯) ખાનગી મુદ્રણ માટે અપાતો બગાડ કાગળો સરકાર તરફથી આપવામાં આવે તો જ ૨ ટકા બગાડ આપવાનો રહેશે.

(૧૦) રૂા. ૨૫,૦૦૦/- સુધીની રકમના સમય મર્યાદાના છાપકામો મુદ્રકો પાસેથી પાંચ ભાવપત્રકો મંગાવીને ઓછામાં ઓછા ભાવે અને આ ઠરાવથી નિયત થયેલ ભાવ મર્યાદામાં કરાવવાનાં રહેશે.

(૧૧) રૂા. ૨૫,૦૦૦/- કરતાં વધારે રકમના સરકારશ્રીના સમય મર્યાદાના મુદ્રણનાં કામો છાપામાં ટૂંકી જાહેર ખબર આપીને ટેન્ડર મંગાવીને ઓછામાં ઓછા ભાવથી અને ઠરાવથી નિયત થયેલ ભાવ મર્યાદામાં ખાનગી મુદ્રકો દ્વારા મુદ્રણનું કામ કરાવી શકશે.

(૧૨) ગોપનીય ન હોય તેવું જ મુદ્રણ કામ ખાનગી પ્રેસમાં કરાવી શકાશે.

(૧૩) પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવો જે તે બાબતની અધિકત્તમ મર્યાદા છે. ટેન્ડરથી મળેલ ભાવો સ્પર્ધાત્મક હોવાથી શકય તેટલા નીચા હોઈ શકે. પરંતુ તે ઉકત ભાવ મર્યાદાથી કોઈપણ સંજોગોમાં વધવા જોઈએ નહીં. મર્યાદા કરતાં ભાવ વધુ દર્શાવાય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂર્વ મંજૂરી પોતાના વહીવટી વિભાગ મારફતે મેળવવાની રહેશે.

(૧૪) છાપકામના બીલની રકમ ટેન્ડર મુજબ તેમજ પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવોની મર્યાદામાં છે કે કેમ તેની ચકાસણી જે તે કચેરીએ કરવાની રહેશે. બીલની ચૂકવણી માટે નિયામક, મુદ્રણ અને લેખન સામગ્રીની સામે સહીની જરૂરીયાત રહેશે નહીં.

(૧૫) આ અંગેનો ખર્ચ જે તે કચેરીની મંજુરી થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૧૬) ક્રમાંક : ૩ માં દર્શાવ્યા મુજબ સમય મર્યાદાના જે કામ નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રીએ પરત કર્યા હોય તેની માહિતી અને તે અંગેના કારણો દર્શાવતી યાદી દર મહિનાના અંત પછી નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ખાતાએ ઉદ્યોગ અને ખાણ વિભાગને મોકલવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખી ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ : ૧૯--૧--૯૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ એન જોષી**

સરકારના ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર.
વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, ગાંધીનગર/વડોદરા/રાજકોટ/ભાવનગર/અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ.
સર્વે કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ.
વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ.
પ્રિન્ટીગ ફાઈલ.

સરકારી ઠરાવ ઉદ્યોગ અને ખાણ વિભાગ ક્રમાંક : મદન-૧૦૮૬-૬૫૩૪-ઙ-૨, તા. ૧૬-૮-૯૩નું બીડાણ.

પરિશિષ્ટ

**૧ લેટર પ્રેસ પ્રોસેસથી મુદ્રણ માટેના ભાવ:** **નિયત કરેલ મહત્તમ ભાવ મર્યાદા રૂા પૈસા**

(અ) કંપોઝીંગ (ગુજરાતી ૧૨ પોઈન્ટ અને અંગ્રેજી ૧૦ પોઈન્ટ)

| | નિયત કરેલ મહત્તમ ભાવ મર્યાદા રૂા પૈસા |
|---|---|
| (૧) મેટ્રીક એ-૫ સાઈઝ : ૬" ૮ ૧/૨" (૧૫ સે.મી.×૨૧.૫ સે.મી.) **અથવા** ડેમી ઓકટવો - ૧/૮ સાઈઝ-૫ ૫/૮"×૮ ૩/૪" (૧૪ સે.મી.×૨૨ સે.મી.) ૨૬ એમ.×૪૨ એમ.ના માપના કંપોઝીંગના દર પેઈજ દીઠ સોલીડ (રનીંગ) મેટર માટેના ભાવ. | ૨૦--૦૦ |
| (૨) ઉપરોક્ત વિગતે ટેબ્યુલર મેટર માટેનો ભાવ. | ૩૦--૦૦ |
| (૩) મેટ્રીક એ-૪ સાઈઝ ૮ ૧/૨"×૧૨". અથવા ડેમી કવોર્ટો સાઈઝ (૨૨ સે.મી.×૨૮ સે.મી.) ૪૦ એમ. × ૬૦ એમ.ના કંપોઝ માપના દર પેઈજ દીઠ સોલીડ (રનીંગ) મેટર માટેના ભાવ. | ૪૦--૦૦ |
| (૪) ઉપરોક્ત વિગતે ટેબ્યુલર મેટરના માટેનો ભાવ. | ૬૦--૦૦ |

નોંધ:- ઉપરોક્ત સાઈઝ કરતાં નાની મોટી સાઈઝના ભાવ પ્રોરેટા ધોરણે ગણાશે.

કંપોઝ ૧/૨ પાના કે તેથી ઓછું હોય તો અરધું પાનું ગણાશે.

૧/૨થી વધુ હોય તો આખું પાનું ગણાશે.

નાની મોટી સાઈઝ માટે પ્રોરેટા ગણાશે.

(બ) મુદ્રણ

| | પેઈજ દીઠ ભાવ | |
|---|---|---|
| | એ-૫ (૬" × ૮ ૧/૨") રૂા. | એ-૪ (૮ ૧/૨"×૧૨") રૂા. |
| (૧) ટેક્ષ મેટર કાળી શાહીથી મુદ્રણ કરવાનો દર ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠ ભાવ. | ૩--૦૦ | ૬--૦૦ |
| (૨) ટેક્ષ મેટર રંગીન શાહીથી કલર દીઠ મુદ્રણ કરવાનો દર ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠ ભાવ. | ૫--૦૦ | ૧૦--૦૦ |
| (૩) ટાઈટલ (કવર) પેઈજ અથવા કલર બ્લોક ચાર્ટ, કલર પ્લેટ તથા તેના સમકક્ષ મુદ્રણ વગેરેના મુદ્રણ કાળી શાહીથી અથવા રંગીન શાહીથી મુદ્રણ કરવાનો રંગ દીઠ દર ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠ (ટાઈટલ કંપોઝ સાથે ફક્ત) ભાવ. | એ-૫ ૨૫--૦૦ | એ-૪ ૫૦--૦૦ |

૨ **ઓફસેટ પ્રોસેસીંગના ભાવ :**

કેનર પ્રસેસીંગ

| | | |
|---|---|---|
| (ક) ૪ કલર સ્કેનર પ્રોસેસીંગ (પ્રોગ્રેસીવ પ્રૂફ સાથે) દર ચો.સે.મી. દીઠ ભાવ. | ૨--૮૦ | લઘુત્તમ ૩૦૦ ચો.સે.મી.નો ગણવાનો રહેશે. |
| (ખ) કટ આઉટનો કલર દીઠ દર ચો.સે.મી. દીઠ ભાવ. | ૦--૧૫ | |
| (ગ) લાઈન-હાફટોન કોમ્બીનેશન કલર દીઠ દર ચો.સે.મી.ના ભાવ. | ૦--૨૦ | |
| (ઘ) સીંગલ કલર/ટુ કલર/થ્રી કલર કેમેરા પ્રોસેસીંગ દર ચો.સે.મી. દીઠ ભાવ. | ૦--૩૦<br>૦--૭૦<br>૧--૨૦ | લઘુત્તમ ભાવ ૨૦૦ ચો.સે.મી. ગણવાનો રહેશે. |
| (ચ) લાઈન નેગેટીવનો કલર દીઠ દર ચો.સે.મી.નો ભાવ. | ૦--૧૩ | |
| (છ) પ્રોઝીટીવ (નેગેટીવ કર્યા પછી)નો કલર દીઠ દર ચો.સે.મી.નો ભાવ. | ૦--૨૫ | |
| (જ) હાફટોન નેગેટીવનો કલર દીઠ દર ચો.સે.મી.નો ભાવ | ૦--૨૦ | |
| (ઝ) હાફટોન પોઝેટીવ (નેગેટીવ કર્યા પછી)નો કલર દીઠ દર ચો.સે.મી.નો ભાવ (નેગેટીવ+પોઝેટીવ) | ૦--૪૦ | |

**નોંધ:**—પ્રોસેસીંગના ઉપરોકત ભાવમાં ૨૦ ટકા ડીસ્કાઉન્ટ ગણવાનો રહેશે (ક્રમાંક—૨(ક) થી ૨(ઝ) સુધી

| | | |
|---|---|---|
| ૩ | (૧) ડેસ્ક ટોપ પબ્લીશીંગ સીસ્ટમથી કંપોઝ કરીને (કરેકશન સાથે) બટર પ્રિન્ટ આપવાનો સોલીડ (રનીંગ) મેટરનો દર ચો.સે.મી. દીઠ ભાવ (૧૨ પોઈન્ટ ગુજરાતી અને ૧૦ પોઈન્ટ અંગ્રેજી) | ૦--૪૦ |
| | (૨) ઉપરોકત વિગતે દર ચો.સે.મી. દીઠ ભાવ (ટેબ્યુલર મેટર) | ૦--૫૦ |

**નોંધ:**—ઉપરોકત ક્રમાંક—૩(૧) અને ૩(૨)ના ભાવમાં ૨૦ ટકા ડીસ્કાઉન્ટ લેવાનું રહેશે

**પ્લેટ** :

| | | |
|---|---|---|
| ૪ | મેટ્રીક એ—૫ ની સાઈઝના ૮ પેઈજ અથવા એ—૪ સાઈઝનો ૪ પેઈજની પ્લેટ અથવા તેના ભાગ દીઠ તૈયાર કરવાનો પ્લેટ દીઠ ભાવ | ૭૦--૦૦ |

૫ **ઓફસેટ પ્રોસેસથી મુદ્રણ માટેના ભાવ :**

| | એ—૫<br>રૂા. પૈસા | એ—૪<br>રૂા. પૈસા. |
|---|---|---|
| (અ) ટેક્ષ મેટર કાળી શાહીથી મુદ્રણનો ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠનો ભાવ. | ૩--૦૦ | ૬--૦૦ |
| (બ) ટેક્ષ મેટર રંગીન શાહીથી મુદ્રણનો ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠ રંગ દીઠનો ભાવ. | ૬--૦૦ | ૧૨--૦૦ |
| (ક) ટાઈટલ (કવર) મુદ્રણ, કલર પ્લેટ (આર્ટ પ્લેટ) સ્કીન અગર બહુરંગી ફોટો પ્લેટ (બહુરંગી ફોલ્ડર-પોસ્ટર) જેવા અન્ય અને તેની સમકક્ષ બધાજ કામોના મુદ્રણનો રંગ દીઠ પેઈજ દીઠ ૧૦૦૦ નકલો અથવા તેના ભાગ દીઠનો ભાવ. (કાળી અથવા રંગીન શાહીથી) | ૨૫--૦૦ | ૫૦--૦૦ |

નોંધ:—(૧) ઉપરોકત પેઈજ સાઈઝથી નાની મોટી સાઈઝ માટે પ્રોરેટા ભાવ ગણાશે.

૬ બાઈન્ડીંગ માટેના ભાવ :

(અ) કાચું બાઈન્ડીંગ.

| | | |
|---|---|---|
| સાઈડ સ્ટીચ અથવા સેન્ટ્રલ સ્ટીચ, ટાઈટલ બેક પેસ્ટીંગ કરીને ત્રણ સાઈડથી ટ્રીમીંગ કરીને નકલ તૈયાર કરવનો ૧૬ પેઈજના ફર્માનો દર નકલ દીઠ ભાવ. | 0–૧0 | 0–૧0 |
| **(બ) પાકું બાઈન્ડીંગ :** | | |
| સેકશન સિલાઈ અથવા સ્ટીચીંગ એન્ડ સ્ટેબીંગ કરીને તથા પાકા પૂઠાનું કેઈસ તૈયાર કરીને (રેકઝીન, બાઈન્ડીંગ કલોથ અથવા પેપર લગાડીને) તૈયાર કરવાનો ૧૬ પેઈજના ફર્માની દર નકલ દીઠ ભાવ. | 0–૧૩ | 0–૨૨ |
| (ક-૧) બુક ફોર્મ અને પોસ્ટર અમે તે સાઈઝમાં છાપવામાં આવેલ હોય તો તેના કટીંગ અને પેકીંગનાં ખર્ચ માટે ૧000 નકલો અથવા તેના ભાગ દીઠ. | ૩–00 | |
| *(ક-૨) ૪ પેઈઝ, ૬ પેઈઝ, ૮ પેઈઝ અથવા ૧૨ પેઈઝના ફોલ્ડર વગેરેમાં ૧000 નકલો અથવા તેના ભાગ દીઠ નકલો કટીંગ કરી, ફોલ્ડર કરીને પેકીંગ કરવાનો ભાવ. | ૫–00 | |
| **(ડ) નંબરીંગ કામ :** | | |
| નંબરીંગ કામનો દર હજાર નંબરીંગ દીઠ ભાવ. | ૧0–00 | |
| (ઈ) પરફોરેશન કામ કરવા માટેનો દર હજાર નકલ દીઠ (૮ ૧/૨"×૧૨" સાઈઝ) ભાવ. | ૭–૫0 | |
| (ફ) ફોલ્ડીંગ દર હજાર નકલ દીઠ (૮ ૧/૨"×૧૨" સાઈઝ) ભાવ. | ૬–00 | |
| (ગ) લેમીનેશન કામ કરવાનો દર ૬૪૫ ચો.સે.મીનો ભાવ (૧00 ચો.ઈંચ) | 0–૪૫ | |
| (ઘ) સીક્રેસીથી કરવાના પેકીંગનો દર ૧000 નંબરીંગ માટેનો ભાવ. | ૭–૫0 | |

નોંધ:—ઉપર જણાવેલ સાઈઝ કરતાં નાની સાઈઝ-અથવા મોટી સાઈઝના કામ કરવામાં આવે તો તે સમયે માન્ય ભાવના ધોરણે "પ્રોરેટા" ધોરણે ગણતરી કરવાની રહેશે.

૭ પેપર બગાડ :

| | |
|---|---|
| દરેક ૧000 નકલ દીઠ કવર દીઠ પેપર બગાડ ટકામાં. | ૨ ટકા |

નોંધ—

(૧) જે મુદ્રણ કામો માટે સરકાર તરફથી પેપર આપવામાં આવે ત્યારે જ ઉપરોક્ત પેપર બગાડ આપવાનો રહેશે.

(૨) લેટર પ્રેસથી થતા મુદ્રણમાં જ્યારે નંબરીંગ કરવામાં આવે ત્યારે ઉપરોક્ત નંબરીંગ ભાવના ૫0 ટકા ભાવ આપવાનો રહેશે.

* સા. ક. ઉ. અને ખા. વિ. ક્રમાંક : મઈવ-૧૦૮૬-૬૫૩૪-ડર તા. ૧૮/૩/૯૪થી સુધાર્યા મુજબ.

૭ મુદ્રણ માટેના જુદા જુદા પ્રકાર ના કાગળના ભાવો :—

(૧) બ્લીચ્ડ વ્હાઈટ ક્રીમવોવ પેપર.

૬૧ × ૮૬ સે.મી., ૬૦ જી. એસ. એમ., રીમનું વજન ૧૫.૭ કે.જી.
રૂા. ૧૭–૦૦ પૈસા એક કે.જી.નો ભાવ (સેલ્સટેક્ષ વગર)

(૨) (૧) પેપર પ્રિન્ટીંગ મેપલીથો.

૬૧ × ૮૬ સે.મી., ૭૫ જી. એસ. એમ., રીમનું વજન ૧૯.૭ કે.જી.
રૂા. ૧૯–૫૦ પૈસા એક કે.જી.નો ભાવ (સેલ્સટેક્ષ વગર)

(૨) પેપર પ્રિન્ટીંગ મેપલીથો.

૬૧ × ૮૬ સે.મી., ૯૦ જી. એસ. એમ., રીમનું વજન ૨૩.૬ કે.જી.
રૂા. ૧૭–૪૦ પૈસા એક કે.જી.નો ભાવ (સેલ્સટેક્ષ વગર)

(૩) ઈન્ડીયન આર્ટ પેપર.

૬૧ × ૯૧ સે.મી. ૧૨૦ જી.એસ.એમ., રીમનું વજન ૩૩.૩ કે.જી.
રૂા. ૩૬–૮૦ પૈસા એક કે.જી.નો ભાવ (સેલ્સ ટેક્ષ વગર)

(૪) કવર માટેના સફેદ અથવા રંગીન પેપર.

૬૧ × ૮૬ સે.મી., ૧૨૦ જી.એસ.એમ., રીમનું વજન ૩૧.૫ કે.જી.
રૂા. ૧૬–૩૦ પૈસા એક કે.જી.નો ભાવ (સેલ્સ ટેક્ષ વગર)

(૫) ઈન્ડીયન આર્ટ કાર્ડ.

૫૬ × ૭૧ સે.મી., ૧૯૦ જી.એસ.એમ., ૧૦.૯ કે. જી. ગ્રોસનું વજન
રૂા. ૩૨–૪૦ પૈસા એક કે. જી.નો ભાવ (સેલ્સ ટેક્ષ વગર)

નોંધ :—

(૧) કાગળનું બીલ અલગ લેવાથી સેલ્સ ટેક્ષ ફકત કાગળના બીલની રકમ ઉપર લાગશે. મુદ્રણ કામનું બીલ જુદું લેવાથી સેલ્સ ટેક્ષ લાગશે નહીં.

(૨) આ ભાવો ઉપરાંત કોઈપણ પ્રાઈસ પ્રેફરેન્સ અગર ભાવ વધારો આપવાનો રહેતો નથી.

(૩) ખાતા/વિભાગ તરફથી માંગણી આવેથી સરકારી પ્રેસમાં પેપર ઉપલબ્ધ હશે તો સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ખાતા તરફથી ચૂકવણીના ધોરણે કાગળ પુરો પાડવામાં આવશે.

એમ એન જોષી,
સરકારના ઉપસચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.